**સને ૨૦૨૫-૨૬**

**જનરલ**

સને ૨૦૨૫-૨૬ ના વર્ષ માટેની વહીવટી મંજૂરી બાબત.

વન સંરક્ષણની યોજના (૨૬-૪૪૦૬-૦૧-૧૦૧-૩૪), (નવી બાબત)

**ગુજરાત સરકાર**

વન અને પર્યાવરણ વિભાગ

ઠરાવ ક્રમાંક: **FED/WRT/e-file/6/2024/3176/M**

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: E Sign મુજબ

**વંચાણે લીધા :-**

(૧) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને HoFF, ગુજરાત રાજય, ગાંધીનગરનો તા.૨૮/૦૩/૨૦૨૫નો પત્ર ક્રમાંક: PCCFO/BGT/e-file/129/2025/1640/Financial Management and Planning.

**ઠરાવ**

સને ૨૦૨૫-૨૬ ના નાણાંકીય વર્ષના અંદાજપત્રમાં વન સંરક્ષણની યોજના (૨૬-૪૪૦૬-૦૧-૧૦૧-૩૪) હેઠળ સંવેદનશીલ વન વિસ્તાર માટે હથિયારોની ખરીદી તેમજ આધુનિક ટેક્નોલોજી દ્વારા સંદેશાવ્યવહારનું માળખું સુદ્રઢ બનાવવા માટે નવી બાબત માટે કુલ રૂ.૦.૭૦ કરોડ(અંકે રૂપિયા સીત્તેર લાખ પુરા)ની જોગવાઇ કરવામાં આવી છે. જેનો ખર્ચ કરવા માટે યોજનાકીય વહીવટી મંજૂરી આપવા વંચાણે લીધા ક્રમાંક-(૧) થી કરવામાં આવેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

**૨.** પ્રસ્તુત બાબતમાં વિચારણાને અંતે, વંચાણે લીધા ક્રમાંક (૧) થી દરખાસ્ત કર્યા મુજબ સદર યોજના હેઠળના નવી બાબતના કામો હાથ ધરવા માટે થનાર ખર્ચ સારૂ નીચે જણાવેલ શરતોને આધીન સને ૨૦૨૫-૨૬ના સમગ્ર વર્ષ માટે કુલ રૂ.૦.૭૦ કરોડ(અંકે રૂપિયા સીત્તેર લાખ પુરા) ના ખર્ચની નીચે દર્શાવેલ વિગતે આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**મંજૂર કરેલ રકમ**

આવર્તક : રૂ. ૦.૦૦ કરોડ

અનાવર્તક: રૂ. ૦.૭૦ કરોડ

**કુલ : રૂ. ૦.૭૦ કરોડ**

૩. આ અંગે હાથ ધરાનાર કામો અને ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | કામગીરીની વિગત | સંખ્યા | જોગવાઈ (રૂ. કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | **વન વિસ્તારમાં ફરજ બજાવતા ક્ષેત્રીય સ્ટાફના આત્મરક્ષણ માટે હથિયારોની ખરીદી:** | | |
| | (૧) ૧૨ બોર પમ્પ એક્શન ગન | ૩૦ | ૦.૩૦ |
| ૨ | **વન વિસ્તારમાં ફરજ બજાવતા ક્ષેત્રિય સ્ટાફના સંદેશવ્યવહારનું માળખું સુદ્રઢ બનાવવા આધુનિક સાધનોની ખરીદી:** | | |
| | (૧)ડિજિટલ હેન્ડહેલ્ડ ટ્રાન્સીવર (વોકીટોકી) | ૬૦ | ૦.૨૪ |
| | (૨) મોબાઈલ રેડિયો | ૨૨ | ૦.૧૧ |

| | | | |
|---|---|---|---|
| | (૩) વાયરલેસ બેઝ સ્ટેશન | ૧૦ | ૦.૦૫ |
| | કુલ | | **૦.૭૦** |

**૪.** આ યોજનાને નીચેની શરતો મુજબ વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

1. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
2. આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
3. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
4. આઈ.ટી. હાર્ડવેર ખરેખર મળવાપાત્ર અધિકારી/ કર્મચારીની ભરાયેલ જગ્યા પુરતુ જ મેળવવાનું રહેશે. તેથી વધુ સાધનો વસાવવામાં આવશે અને તે બિન ઉપયોગી રહેશે તો તેની જવાબદારી સંબંધિત અ.મુ.વ.સં. ની થશે.
5. નવા સાધનોની ખરીદી કરતા સમયે જે તે જગ્યાઓના બિનવપરાશના સાધનોનો રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિ મુજબ નિકાલ ઝુંબેશના સ્વરૂપે કરવાનો રહેશે. જેથી બિનવપરાશપાત્ર સાધનોની પ્રતિદિન ઘટતી જતી કિમતો અને રોકાતી જગ્યાના અનુસંધાને ઉચિત કાર્યવાહી થઇ શકે.
6. ખરીદીના વિકલ્પે Rental Model, PPP ધોરણે કે Outsourcing થી Operation and Maintenance, કે અન્ય Hybrid model થી કામગીરી લઇ શકાય તેમ હોય તો તેનો તુલનાત્મક અભ્યાસ કરી યોગ્ય વિકલ્પ મુજબ કામગીરી લેવાની રહેશે.
7. ગ્રાન્ટ મળવાની અપેક્ષાએ ખરીદી કરવાની રહેશે નહીં.
8. આઈ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટે હાર્ડવેર Operation and Maintenance માટે Manpower ની વધારાની જરૂરિયાત ઉપસ્થિત ન કરતા તેની આંતરિક વ્યવસ્થાથી કામગીરી લેવાની રહેશે.
9. આઈ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું મેઈન્ટેનન્સ યોગ્ય રીતે થાય અને તેના પૂર્ણ આયુષ્ય મર્યાદા સુધી તેનો મહત્તમ ઉપયોગ ઔચિત્ય પૂર્ણ રીતે થાય તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.
10. આઈ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું ડેડ સ્ટોક રજિસ્ટર નિભાવવાનું રહેશે.
11. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું અ.મુ.વ.સં.એ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
12. આઈ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદવા માટે કેન્દ્ર સરકાર તરફથી કોઈ અનુદાન મળનાર હોય તો કેન્દ્ર સરકાર તરફથી આવું અનુદાન મળ્યેથી જ આવી મશીનરી ખરીદવાની રહેશે.
13. જો કોઈ કેન્દ્રીય સહાયિત યોજના હેઠળ સાધનોની ખરીદી કરવાની હોય તો યોજનાની સહાય મળ્યેથી જ ખરીદી કરવાની રહેશે.
14. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
15. પ્રસ્તુત કામ માટે જરૂર જણાયે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
16. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
17. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
18. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
19. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
20. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ૨ (બે) વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

**૫.** આ અંગેનો ખર્ચ નીચે જણાવેલ સદર હેઠળ ગ્રાન્ટની મર્યાદાને આધિન ઉધારીને સને ૨૦૨૫-૨૬ ના વર્ષની મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી ક્રમાંક | : | ૨૬ |
| સેકટર | : | (ગ) આથિક સેવાઓ |
| સબ સેકટર | : | (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ |
| મુખ્યસદર | : | ૪૪૦૬ – વન નિમાણ અને વન્યપ્રાણી જીવન અંગે મૂડી ખચ જોગવાઇ |
| પેટા મુખ્ય સદર | : | ૦૧ – વન નિર્માણ |
| ગૌણ સદર | : | ૧૦૧ – વન સંરક્ષણ અને વિકાસ |
| પેટા સદર | : | ૩૪ – વન સંરક્ષણ |

**૬.** આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરની નાણા વિભાગની તા.૦૭/૦૪/૨૦૨૫ની નોંધથી મળેલ સંમતિ અન્વયે આ હુકમો કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હિમાંશુ ગોહિલ)

ઉપ સચિવ

વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ,

- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને HoFF, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, વિકાસ અને વ્યવસ્થા, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, નાણાકીય વ્યવસ્થાપન, ગુજરાત  રાજ્ય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય અમદાવાદ / રાજકોટ.
- નાણાં સલાહકારશ્રી(વન), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- વન અને પર્યાવરણ વિભાગ - બજેટ શાખા.
- નાયબ સેકશન અધિકારીની સિલેક્ટ ફાઇલ.
- સિલેક્ટ ફાઇલ.
- સિસ્ટમ મેનેજરશ્રી, વન અને પર્યાવરણ વિભાગ – વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા માટે.

*Signature Not Verified*

*Signed by:Himanshu Gohil*
*Under Secretary*
*Date:2025.04.09*
*13:48:32 +5:30*


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*